અપીલ અરજી નં.૫૬/૦૮–૦૯ તા. ૧૬–૬–૦૮

અરજદારઃ શ્રી હારુન વલીભાઈ પુનાવાલા
સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ,સેન્ટ્રલઝોન

## હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હારુન વલીભાઈ પુનાવાલાની તા.૨૫–૪–૦૮ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.૨૯૯૪,૨૯૯૫– ૨૯૯૬ ની આજુબાજુ સરકારી જગ્ય પર સડક પાસે ગેરકાયદેસર દેરુ બનાવતા રોકવા માટે તા.૧૨–૯–૦૭ ,તા.૩–૧૦–૦૭ અને તા.૨૧–૪–૦૮ કરેલી અરજીઓ બાબતે શું પગલાં લીધા તેમજ તા.૧–૧–૦૭ થી ૩૧–૩–૦૮ સુધી મનપાએ કેટલી સરકારી જમીનોમાં બાંધકામ તોડયા? વિગેરેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૬–૬–૦૮ ની અપીલ અરજી નં.૫૬/૦૮–૦૯

શ્રી હારુન વલીભાઈ પુનાવાલાનીતા.૨૫–૪–૦૮ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં. ૨૯૯૪,૨૯૯૫–૨૯૯૬ ની આજુબાજુ સરકારી જગ્યા પર સડક પાસે ગેરકાયદેસર દેરુ બનાવતા રોકવા માટે તા.૧૨–૯–૦૭ ,તા.૩–૧૦–૦૭ અને તા.૨૧–૪–૦૮ કરેલી અરજીઓ બાબતે શું પગલાં લીધા તેમજ તા.૧–૧–૦૭ થી ૩૧–૩–૦૮ સુધી મનપાએ કેટલી સરકારી જમીનોમાં બાંધકામ તોડયા? વિગેરેની માહિતી આપવા બાબતે કરેલ અરજીના અનુસંધાને રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/આ.નં.૮૬ તા.૧૭–૫–૦૮ થી જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબમાં ખોટી અને અધૂરી માહિતી આપેલી છે તેવા કારણસર તા.૧૬–૬–૦૮ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ દિન–૦૫ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૯ તા.૧૯–૬–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને રાઈટ ટુ ઈન્ફર્મેશન સે.ઝોન/આ.નં.૩૭૮ તા.૭–૭–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર અરજદારને તા.૧૭–૫–૦૮ ના રોજ પૂરી પાડેલ માહિતીની નકલ આપેલ છે. સાથે ગેરકાયદેસર બાંધકામો તોડવા અંગે ચીટનીસ ટુ ઘી કલેકટરને પત્ર નં. સે.ઝોન/એન્જી./આ.૧૦૨૮ તા.૨૯–૫–૦૮ થી પત્ર વ્યવહાર કરેલ છે તેમજ સીટી સર્વે સુપ્રિ.નં.૨ સુરત સીટી એસ વશી/૬૫૬ તા.૫–૬–૦૮ થી થયેલ પત્ર વ્યવહારની નકલ રજૂ કરેલ છે. પરંતુ નિર્દિષ્ટ સમયગાળાના સરકારી બાંધકામ તોડવા અંગે મુદ્દા નં.૩ ની માહિતી અરજદારને પૂરી પાડેલ જણાતી નથી કે તે અંગે માહિતીની નહીં આપવા અંગે કોઈ અપવાદ જણાતો નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૫–૪–૦૮ની અરજીથી માંગ્યા મુજબ પૈકી નહીં પૂરી પાડેલ દફતરી હકીકતલક્ષી માહિતી કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી દિન–૭માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હારુન વલીભાઈ પુનાવાલા,